# ‘આંત્રપ્રિન્યોર્સ માર્કેટથી વાકેફ હોવા જોઈએ’

## ઈડીઆઈઆઈ ખાતે AICTEના ડિરેક્ટરે ઓનલાઈન એજ્યુકેશન સ્કિમ ‘સ્વયમ’ વિશે વાત કરી

સિટી રિપોર્ટર | અમદાવાદ

કેન્દ્ર સરકારના માનવ સંસાધન અને ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ઓફ ટેક્નિકલ એજ્યુકેશન (AICTE) સાથે મળીને ઓનલાઈન એજ્યુકેશન માટે ‘સ્ટડી વેબ્સ



ઓફ એક્ટિવ લર્નિંગ ફોર યંગ એસ્પાયરિંગ માઈન્ડસ’ (સ્વયમ) વેબ પોર્ટલ શરૂ કરાયું છે. આ અંગે વિદ્યાર્થીઓ જાણે તે માટે ઈડીઆઈઆઈ ખાતે AICTEના ડિરેક્ટર મનપ્રિત સિંઘનું લેક્ચર યોજાયું હતું. જેમાં તેઓએ કહ્યું કે, MOOC કારોબારના માલિકો અને ઉદ્યોગ સાહસિકોને અભ્યાસમાં સુધારો કરવા અને નવી તકો વિસ્તારવા માટે સારો વિકલ્પ પૂરો પાડે છે. ઝડપથી બદલાતી ટેક્નોલોજીના યુગમાં આંત્રપ્રિન્યોર્સે પણ એપડેટ રહેવું પડશે. તેમણે માર્કેટના ચઢાવ-ઉતાર વિશે નોલેજ મેળવવું પડશે.’